સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતીઓ, વિચરતી વિમુકત જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ, ગણવેશ યોજના અને આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ યોજનાના સહાયના દરો તેમજ આવક મર્યાદામાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- સશપ-૧૦૨૦૧૧-૩૫૨-ન.બા./અ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 20 APR 2011

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨-૧૨-૯૨ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૨-૧૭૮૩(૧)-અ

(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા.૧-૨-૯૪ નો ઠરાવ ક્રમાંકઃલઘસં-૧૪૯૨-૭૬૭-લ

(૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩-૧૧-૯૫ નો ઠરાવ ક્રમાંકઃ પીએમએસ-૧૫૯૩-ન.બા-૮(૯૫)/જ

(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧-૨-૯૩ નો ઠરાવ ક્રમાંકઃસશપ-૧૧૯૧-ન.બા.૧૦-અ.

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩-૭-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૯૯-૨૩૭૮-અ.૧

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬-૯-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૨૦૦૩-૧૫૧૫-અ.૧

(૭) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૮/૧૨/૮૯ નો ઠરાવ ક્રમાંકઃઅનશ-૧૨૮૯-૧૦૬૯-ગ.

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા ( આદિજાતિ વિકાસ ) વિભાગનો તા.૨૫- ૨-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંકઃપીએમએસ - ૧૦૯૮ - સાયકલ - ૩૦૯-૨૦૦૪-ગ અને તા.૨૮-૩-૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૨૦૦૮- ન.બા.-૨૯/અ.૧

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬-૯-૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૯૭-૧૭૨૭-ન.બા.-અ.૧

(૧૦) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨-૯-૯૮ નો ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૯૮-૧૫૦૭-અ

→

(૧૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯-૩-૨૦૦૮ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૦૭-ન.બા.૨૪-અ

(૧૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૨-૧-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૯-ન.બા.૧૯-અ

(૧૩) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ( સમાજ કલ્યાણ પ્રભાગ) નો તા. ૨૯-૧૦-૯૮ નો ઠરાવ ક્રમાંકઃસશપ-૧૦૯૮-૧૫૦૭-અ

(૧૪) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૩-૭-૯૨ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૧૯૦-ન.બા.૨૮-અ.

(૧૫) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સ.ક.પ્રભાગ)નો તા.૭-૨-૧૯૯૨ -ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૯૨/૨૪(૭)-અ.

(૧૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૭-૭-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૦૭-૯૫૧-અ.

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને અનુસૂચિત જનજાતિના શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટેની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય તેમજ આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવાની યોજનાઓ રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે. વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની આ યોજનાઓમાં એકસૂત્રતા જળવાય તે હેતુસર વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય/સ્ટાઇપેન્ડના દરોમાં સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાને અંતે એકસરખો વધારો કરવાનો નિર્ણય લીધો છે.

૨. ઉપરોકત પૂર્વભૂમિકાના અનુસંધાને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતિ, વિચરતી વિમુકત જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ, ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય, આદર્શ નિવાસી શાળાનાં બાળકોને અપાતો ગણવેશ ખર્ચ તથા આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને અપાતા સ્ટાઇપેન્ડના દરોમાં વધારો કરવા માટે કરવામાં આવેલ રૂ. ૬૦૭૪.૨૫ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

→

3. **વાર્ષિક આવક મર્યાદામાં સુધારો**

નીચે મુજબની યોજનાઓમાં આવક મર્યાદાનું ધોરણ સુધારવામાં આવેલ છે.

| યોજનાનું નામ | જાતિ | તા.૩૧-૩-૨૦૧૧ ના રોજની વાર્ષિક આવક મર્યાદા | સુધારેલ વાર્ષિક આવક મર્યાદા તા.૧-૪-૨૦૧૧ થી | |
|---|---|---|---|---|
| | | | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર |
| શિષ્યવૃત્તિ ધો.૧ થી ૪ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, | રૂ.૧૫૦૦૦/- | રૂ. ૨૦,૦૦૦/- | રૂ. ૨૫,૦૦૦/- |
| શિષ્યવૃત્તિ ધો. ૫ થી ૧૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતિ, વિચરતી વિમુકત જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગ | રૂ.૧૧,૦૦૦/- | રૂ. ૨૦,૦૦૦/- | રૂ. ૨૫,૦૦૦/- |
| ગણવેશ ધો.૧ થી ૭ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતિ, વિચરતી વિમુકત જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગ | રૂ.૧૫,૯૭૬/- (ગ્રામ્ય) રૂ.૨૧,૨૦૬/- (શહેરી) | રૂ. ૨૦,૦૦૦/- | રૂ. ૨૫,૦૦૦/- |
| સરસ્વતી સાધના યોજના | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ | રૂ.૧૫,૯૭૬/- (ગ્રામ્ય) રૂ.૨૧,૨૦૬/- (શહેરી) | રૂ. ૨૦,૦૦૦/- | રૂ. ૨૫,૦૦૦/- |
| માનવ ગરિમા યોજના | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતિ, અને આર્થિક રીતે પછાત વર્ગ | રૂ. ૧૧,૦૦૦/- | રૂ. ૨૦,૦૦૦/- | રૂ. ૨૫,૦૦૦/- |
| કુંવરબાઇનું મામેરું | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ . | રૂ.૧૫,૯૭૬/- (ગ્રામ્ય) રૂ.૨૧,૨૦૬/- (શહેરી) | રૂ. ૨૦,૦૦૦/- | રૂ. ૨૫,૦૦૦/- |

→

| | | | | |
|---|---|---|---|---|
| સાત ફેરા સમૂહલગ્ન | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, | રૂ.૪૫,૦૦૦/- | રૂ. ૨૦,૦૦૦/- | રૂ. ૨૫,૦૦૦/- |
| આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ અગરિયાની આદર્શ નિવાસી શાળા સહિત | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, | રૂ.૧૧,૦૦૦/- | રૂ. ૨૦,૦૦૦/- | રૂ. ૨૫,૦૦૦/- |
| આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતિ, વિચરતી વિમુકત જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગ | રૂ. ૧૧,૦૦૦/- | રૂ. ૨૦,૦૦૦/- | રૂ. ૨૫,૦૦૦/- |

૪. **શિષ્યવૃત્તિઃ-**

| જાતિ | ધોરણ | તા.૩૧-૩-૨૦૧૧ સુધીના દર (વાર્ષિક) | સુધારેલ દર (વાર્ષિક) તા.૧-૪-૨૦૧૧ થી અમલમાં આવતા દર |
|---|---|---|---|
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, | ૧ થી ૪(કુમાર) | રૂ. ૭૫/- | રૂ. ૧૫૦/- |
| | ૧ થી ૪(કન્યા) | રૂ. ૧૦૦/- | રૂ. ૧૫૦/- |
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, | ૫ થી ૭ | રૂ. ૭૫/- | રૂ. ૧૫૦/- |
| | ૮ થી ૧૦ | રૂ. ૧૨૫/- | રૂ. 300/- |
| લઘુમતિજાતિ, | ૫ થી ૭ | રૂ. ૭૫/- | રૂ. ૧૫૦/- |
| | ૮ થી ૧૦ | રૂ. ૧૨૫/- | રૂ. 300/- |
| વિચરતી-વિમુકત જાતિ | ૫ થી ૭ | રૂ. ૭૫/- | રૂ. ૧૫૦/- |
| | ૮ થી ૧૦ | રૂ. ૧૨૫/- | રૂ. 300/- |
| આર્થિક પછાત વર્ગ | ૫ થી ૭ | રૂ. ૭૫/- | રૂ. ૧૫૦/- |
| | ૮ થી ૧૦ | રૂ. ૧૨૫/- | રૂ. 300/- |

નોંધઃ- વિચરતી-વિમુકત જાતિના જે વિદ્યાર્થીઓને ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ લાભ નથી મળતો તેવા ધોરણ ૧ થી ૭ તેમજ ધોરણ ૮ થી ૧૦ ના વિચરતી-

→

વિમુકત જાતિના વિદ્યાર્થીઓને રાજય સરકારની યોજના મુજબ સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ તરીકે નવા દરે શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવશે.

## ૫. ગણવેશઃ-

| જાતિ | ધોરણ | તા.૩૧-૩-૨૦૧૧ ના દર (વાર્ષિક) | સુધારેલ દર (વાર્ષિક) તા.૧-૪-૨૦૧૧ થી અમલમાં આવતા દર |
|---|---|---|---|
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતિ, વિચરતી વિમુકત જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગ | ધો.૧ થી ૭ | રૂ. ૧૫૦/- | રૂ. ૨૦૦/- |
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અગરિયા | આદર્શ નિવાસી શાળા | રૂ. ૨૫૦/- | રૂ. ૩૦૦/- |

## ૬. આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડના દરમાં વધારો

| જાતિ | અભ્યાસક્રમ | તા.૩૧-૩-૨૦૧૧ સુધીના દર (માસિક) | સુધારેલ દર (માસિક) તા.૧-૪-૨૦૧૧ થી અમલમાં આવતા દર |
|---|---|---|---|
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતિ, વિચરતી વિમુકત જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગ | સરકારી આઇ.ટી.આઇ. | રૂ.૨૦૦/- | રૂ. ૨૫૦/- |
| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, લઘુમતિ જાતિ, વિચરતી વિમુકત જાતિ અને આર્થિક રીતે પછાત વર્ગ | એક વર્ષનો માન્ય વ્યવસાયિક અભ્યાસક્રમ | રૂ. ૪૮/- | રૂ. ૧૨૫/- |

૭. શિષ્યવૃતિની યોજનામાં ચૂકવણીના સરળીકરણ માટે ગત વર્ષની પરીક્ષામાં પાસ થનાર દરેક વિદ્યાર્થીઓને લાભ આપવાનું ઠરાવવામાં આવે છે.

→

૮. ઉપર જણાવેલ યોજનાઓમાં ઉલ્લેખ કર્યા મુજબ આવક મર્યાદા તથા શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય અને સ્ટાઇપેન્ડના દરોમાં કરવામાં આવેલ સુધારા-વધારા સિવાય, જે તે યોજનાઓના અમલીકરણ માટેની અન્ય શરતો યથાવત્ રહેશે.

૯. સન ૨૦૧૧-૧૨ ની જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૦. આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

૧૧. આ યોજના અંગેનું અસરકાર મોનીટરીંગ કરવાનુ રહેશે અને યોજનાઓનો મૂળભૂત હેતુ જળવાઇ રહે તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

૧૨. સૂચિત યોજનાઓ માટે જો કોઇ ચીજવસ્તુઓ ખરીદવાની રહેતી હોય તો સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદ પધ્ધતિથી કરવાની રહેશે.

૧૩. આ હુકમોનો અમલ તા.૧-૪-૨૦૧૧ થી કરવાનો રહેશે.

૧૪. ઉપર જણાવેલ વિગતે જણાવ્યા મુજબ યોજનાઓમાં શિષ્યવૃત્તિના દર, ગણવેશ સહાયના દર તથા સ્ટાઇપેન્ડમાં થયેલ સુધારાના કારણે થનાર ખર્ચ, જે તે યોજના માટેની અંદાજપત્રીય જોગવાઇમાંથી કરવાનું રહેશે.

૧૫. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકવાળી ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૧-૩-૨૦૧૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મનોજ રાવલ )
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નામ.રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સામાજિક ન્યાય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.રાજયકક્ષાના મંત્રીશ્રી (સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.સંસદીય સચિવશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત રાજય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત રાજય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગુજરાત રાજય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગુજરાત રાજય, ગાંધીનગર.
તમામ જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વિજા) અને તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિજા) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફતે
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી. ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
શાખા સિલેકટ ફાઇલ.